OWN: GMIU/Tobacco/2023-24/069 Date : 09.08.2023

10 AUG 2023

## પરિપત્ર

વિષય :જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સિટી ના કેમ્પસમાં પાન- મસાલા, ગુટખા કે ધૂમ્રપાનનું સેવન નહિ કરવા બાબત

આથી સર્વેને જાણ કરવાની કે, તમાકુ મુક્ત શિક્ષણ સંસ્થા માટેની ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રકાશિત માર્ગદર્શિકા તથા સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો અધિનિયમ, 2003 (COTPA, 2003 ) અન્વયે જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સિટી કેમ્પસ તમાકુ મુક્ત શિક્ષણ સંસ્થા હોવાથી પાન- મસાલા, ગુટખા કે ધૂમ્રપાનનું સેવન નિષેધ છે. આમ છતાં, યુનિવર્સિટી કેમ્પસના ટોઇલેટ બ્લોક તથા પેસેજમાં પાન તથા ગુટખાનું સેવન કરી પિચકારી મારી ગંદકી કરવામાં આવે છે. આ પ્રકારની પ્રવૃત્તિ હવે પછી કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહિ અને તે માટે નીચે પ્રમાણે અમલ કરવા સર્વેને સુચના આપવામાં આવે છે.

૧) કોઈ પણ પ્રકારના પાન- મસાલા, ગુટખાનું કેમ્પસ માં સેવન કરવું નહિ.

૨) કેમ્પસમાં ધૂમ્રપાનનું સેવન કરવું નહિ.

૩) સિક્યોરિટીને લાગે તેવા વ્યક્તિઓની ચકાસણી કરી પાન- મસાલા, ગુટખા કે ધૂમ્રપાન માટેના વ્યસન વાળી વસ્તુ હોય તો કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી કરવી.

૪) પાન- મસાલા, ગુટખા કે ધૂમ્રપાન માટેની કોઈ ચીજ વસ્તુ સાથે, કોઈ વિધ્યાર્થી/કર્મચારીઓ જણાશે તો રૂ. ૫૦૦ /- નો દંડ તેની પાસેથી વસુલમાં આવશે. તદઉપરાંત સમિતિ ને જણાય તો નિયમ આનુસાર શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૫) સિક્યોરિટી સ્ટાફ તેમજ સફાઈ સ્ટાફે પણ ધ્યાન રાખવાનું રહેશે કે આ પ્રકારની ગંદકી કેમ્પસ માં કોઈ કરે નહિ. ગંદકી કરનાર કોઈ ધ્યાને આવે એટલે તુરંતજ તેની વિગત તમાકુ નિયંત્રણ મોનીટરીંગ સમિતિ ને આપવાની રેહશે.

GYANMANJARI INNOVATIVE UNIVERSITY BHAVNAGAR

રજીસ્ટ્રાર
REGISTRAR
જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સિટી
GYANMANJARI INNOVATIVE UNIVERSITY
ભાવનગર
BHAVNAGAR